| GJVD020290642023 | CC NO. 20647/2023 |
|---|---|

## // આંક ૦૧ હેઠળ હુકમ //

**૧.** ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ઈ. પી. કોડની કલમ–૨૮૯ તથા જી. પી. એકટની કલમ– ૯૦(ક) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપી નુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાય છે કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહિતગાર કરવામાં આવેલ છે છતા પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપી ની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતિ અને સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને નિગાહે લેતા આરોપી ને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં. ૭૯૯** ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતા આરોપી ને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લેતા આરોપી ને સી.આર.પી.સી. કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## હુકમ

**(૧)** આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ. પી. કોડની કલમ–૨૮૯ તથા જી. પી. એકટની કલમ–૯૦(ક) મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને **રૂ. ૮૦૦/– (અંકે રુપીયા આઠસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની (ટી.આર.સી.) સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન–૦૪ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ–૦૯ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૩** ના રોજની લોક અદાલતની સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ : વડોદરા.

(ડો. આર. એન. કરનાની)
**૧૩ માં, એડી.ચીફ જ્યુડી.મેજી.,વડોદરા.**
જીજે ૦૧૦૮૦